Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No.54

Impact Factor : 6.89
Quarterly
Jan to March 2023

## ગાંધીયુગની નવલકથામાં વિષયવસ્તુ-પરંપરા અને પ્રદાન

- ડો. મુકેશ બી. ચૌહાણ

૧૯૧૪ની લડાઇ અને એ જ વર્ષમાં ગાંધીજીનું આફ્રિકાથી હિંદમાં આવવું - એવાઅનેક મહત્ત્વના બનાવોની અસર ગુજરાતી સાહિત્ય પર પડે છે. યુગ સંદર્ભે વિચાર પરિવર્તન થાય છે. જીવનની વાસ્તવિક્તા તરફ લેખકોનું આકર્ષણ થયુ. જેના પરિણામેનવલકથાનું ફલક બદલાય છે. નવલકથા, નવલિકા, રોજનીશી, પત્રલેખન, નાટક, નિબંધલેખન, ટીકા, જીવનચરિત્ર, પ્રવાસવર્ણન અને અન્ય તમામ પ્રકારના પદ્યનું ગુજરાતી ભાષામાં પ્રચુર માત્રામાં સર્જન થયું. શ્રી મુનશી ઐતિહાસિક કથાવસ્તુ પર આધારિત"પાટણની પ્રભુતા", "ગુજરાતનો નાથ, 'રાજાધિરાજ' નવલત્રયી આપે છે. ડૂમાની અસરહેઠળ વિશાળ શ્રેણીમાં ઐતિહાસિક નવલકથાનો ફાલ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આપ્યોહોવાથી ઐતિહાસિક નવલકથા સ્વરૂપ માતબર બને છે. ગુજરાતી નવલકથાના ઇતિહાસમાં મહાન સાહિત્યસ્વામી કનૈયાલાલ માણેકલાલ મુનશીના તેજસ્વી પ્રવેશ સાથે એક નવું પાનું ઉમેરાય છે. ગાંધીયુગના આ લેખક ગાંધીયુગથી તદન ભિન્ન ગણાય તેવી વિશિષ્ટતાઓ સાથે સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરે છે. આપણે આગળ જોઈ ગયા તેમ મુનશી પહેલાંની નવલકથાઓ જીવનના આદર્શો, સુધારકવૃત્તિ અને નીતિભાવનાથી રંગાયેલી હતી. મુનશી તો નીતિને કલાની વિષકન્યા માને છે. "જીવન ખાતર કલા'ના પૂર્વવર્તી વાદને ફગાવી "કલા ખાતર કલા'ના વાદનો તેઓ પુરસ્કાર કરે છે અને ગુજરાતી નવલકથાને નવાં ઘાટઘડતર આપે છે. "પૃથ્વીવલ્લભ', "જય સોમનાથ','ભગ્ન પાદુકા', "ભગવાન કૌટિલ્ય' વગેરે સામાજિક લક્ષણોને કેન્દ્રસ્થાને રાખી "વેરનીવસૂલાત'માં નાનપણની મિત્ર દેવીને કેન્દ્રસ્થાને રાખે છે. "કોનો વાક?', 'સ્વપ્નદષ્ટા',તપસ્વિની' ભાગ : ૧-૨ વગેરે નવલકથાઓ આપી છે. આ ઉપરાંત પૌરાણિકનવલકથાઓ '"લોપામુદ્રા', "લોમ હર્ષિણી', "ભગવાન પરશુરામ' "કૃષ્ણાવતાર' ભાગ : ૧થી ૮ વગેરે પ્રાપ્ત થયેલ છે.

કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓ સંદર્ભે ડૉ.બહેચરભાઇ પટેલ નોંધે છે,'મુનશી ઇતિહાસનું મુખ્ય માળખું, પાત્રો, પરિવેશ ને પ્રસંગોમાં પોતાની કલ્પના ને ભાવના ઉમેરી,નવાં પાત્રો, પરિસ્થિતિઓ, સંવાદો, પ્રસંગો, અર્થઘટનો ઉમેરી કલા-રસને પ્રાધાન્ય આપી ઐતિહાસિક નવલકથા સર્જે છે. લોકપ્રિય એવાં

મીનળ, મુંજાલ, કાક, મંજરી જેવાં પાત્રો મહદંશે  કલ્પનાની મૂર્તિઓ છે. એ ઈતિહાસને ગૌણ બનાવે છે ને નવલકથા-કલ્પનાકથાને પ્રાધાન્ય આપે છે.  એટલે તેમની ઐતિહાસિક નવલકથાઓ ઐતિહાસિક રોમાંચકકથાઓ કે મનોરંજનકથાઓ છે. તે પાત્રોના આંતરજીવન - ચેતનાપ્રવાહને બદલે બાહ્ય ઘટનાઓની ભરમારથી આંજી નાખે છે. તેઓ રંગદર્શી નવલથાકાર છે’..૧

એ જ સમયગાળામાં રમણલાલ વસંતલાલ દેસાઇ નવલકથા ક્ષેત્રે નવપ્રસ્થાનકરે છે. તેમણે ગાંધીવિચાર ધારા હેઠળ “ગ્રામલક્ષ્મી'માં ગ્રામોદ્ધારની ભાવના, “ભારેલોઅગ્નિ' - અર્ધ એતિહાસિક કૃતિમાં ૧૯૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની ઘટના, 'કોકિલા','શિરીષ', “જયંત, “પૂર્ણિમા', 'અગ્નિ', “ઝંઝાવાત, “પ્રલય' વગેરે સામાજિક નવલકથાઓગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આગવી પ્રતિભા દાખવે છે.ધનસુખલાલ મહેતા તથા જ્યોતીન્દ્ર દવે બે સર્જકો સાથે મળી હાસ્યરસનેકેન્દ્રસ્થાને રાખી “અમે બધા' નવલકથા આપી છે. ‘ગ્રામલક્ષ્મી’ નવલકથામાં રમણલાલ દેસાઈએ બખૂબી નિભાવ્યું છે. કથાનાયક અશ્વિન ગાંધીચીંધ્યા માર્ગે ગ્રામોદ્ધારના કાર્યમાં જોડાઇ ગામના સામાજજીવનમાં પરિવર્તન આણે છે. શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને પશુપાલન તેમજ ગૃહઉધોગ તથા સ્વચ્છતા અને લોકશાહી જેવી ગ્રામકલ્યાણને સ્પર્શતી અનેક બાબતોમાં પરંપરાગત રૂઢિગત મર્યાદાઓને દૂર કરી નાત-જાત અને ધર્મના ભેદભાવથી મુક્ત આદર્શ ગ્રામનું સર્જન એ ‘ગ્રામલક્ષ્મી’ નવલકથાની સાર્થકતા છે. ‘ગ્રામલક્ષ્મી’ નવલકથાના સંદર્ભે ડૉ.કે.એમ. મકવાણા નોંધે છે,‘”રમણલાલ દેસાઇની ‘ગ્રામલક્ષ્મી’ ભાગ-૧ થી ૪માં એમણે ગ્રામસેવાઅને ગ્રામોદ્ધારની ભાવનારંગી કથા આપી છે. કોઇ શિક્ષિત અને ભાવનાશાળી શહેરી યુવાન આદર્શો લઇને ગામડામાં આવી સેવા પ્રવૃત્તિ આરંભે, ગામડાનાં ભલા-ભોળાં લોકો વડે એનો સ્વીકાર થાય અને સ્થાપિત હિતો વડે એનો વિરોધ થાય અને છતાં એની સામે ઝૂંઝીને તે પોતાનું ઉદ્દિષ્ટ સાધે એવી એમાં રજૂ થયેલી કથાની વાચકો ઉપરાંત લેખકો ઉપર પણ અસર પડી હતી.”’..૨

જયભિખ્ખુ જેન ધર્મકથાને કેન્દ્રસ્થાનેરાખી “ભગવાન ઋષભદેવ', “ચક્રવર્તી ભરતદેવ', “નરકેસરી યા નરકેશ્વરી', “સંસારસેતુ'વગેરે તથા એતિહાસિક “પ્રેમભક્તિ કવિ જયદેવ' નોંધપાત્ર નવલકથા આપી છે.

ધૂમકેતુએ 'ચૌલાદેવી' એતિહાસિક નવલકથા રચી છે. જેમાં ચૌલા વારાંગનાનું ચરિત્રચિત્રણ આપ્યું છે.સફળ વાર્તાકાર તરીકે ખ્યાત ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીએ સોમનાથમાં મહમૂદ ગઝનવીનું આક્રમણ અને સોલંકી રાજા ભીમદેવની લડત - એ કથાવસ્તુ પર આધારિત પ્રથમ ઐતિહાસિક નવલકથા ‘ચૌલાદેવી’ની રચના કરી છે. તે પછી ‘રાજસન્યાસી’, ‘કર્ણાવતી’, ‘રાજકન્યા’, ‘બર્બક જિષ્ણુ’, ‘ત્રિભુવનગંડ’, ‘અવંતીનાથ,’ ‘ગુર્જરેશ્વર કુમારપાળ’, ‘ગુર્જરપતિ મૂળરાજદેવ પહેલો’, ‘અજિત ભીમદેવ’, ‘આમ્રપાલી’,  ‘મહાઅમાત્ય ચાણક્ય’, ‘પ્રિયદર્શી અશોક’ વગેરે અનેક નવલકથાઓ આપી છે. ધૂમકેતુની ઐતિહાસિક નવલકથાઓ સંદર્ભે ડૉ.રમેશ ત્રિવેદી નોંધે છે, ‘”ધૂમકેતુની ઐતિહાસિક નવલકથાના સર્જનના મૂળમાં તેમનામાં રહેલી ઈતિહાસ પ્રત્યેની રુચિ છે. એક ભાવનારંગી સર્જક તરીકે ભૂતકાળનાં ઈતિહાસના  કથાબીજ  પસંદ કરી ઐતિહાસિક કૃતિ તેઓ રચે છે. ધૂમકેતુ ઐતિહાસિક નવલકથાઓમાં ઈતિહાસ પ્રત્યેની વફાદારી જાળવે છે; મુનશીની માફક ઈતિહાસ સાથે અમર્યાદ છૂટછાટ લેતા નથી. ગુજરાતના સુવર્ણકાળ સમા સોલંકીયુગની તેમજ ભારતના સુવર્ણયુગસમા ગુપ્તયુગની કથાઓ પસંદ કરી તેમણે ઐતિહાસિક નવલકથાઓ રચી છે. સામાજિક નવલકથાઓ કરતાં ઐતિહાસિક નવલકથામાં તેમને સફળતા મળી છે”....’૩

ચુનીલાલ વર્ધમાન શાહ “જિગર અને અમી” તેમની વિશેષ લોકપ્રિય નીવડેલી સામાજિકનવલકથા છે. તેમા પ્રેતવિદ્યા અને આધ્યા-ત્મિકતાનો ઉપયોગ કર્યો છે. 'રુપમતિ'માંએતિહાસિક કથાવસ્તુ કેન્દ્રસ્થાને છે. ગુણવતરાય આચાર્યે દરિયાઈ તથા જાસૂસકથાઓઆપી છે. તેમાં “હાજી કાસમ તારી વીજળી” નોંધપાત્ર છે.

જયંતિ દલાલે "ધીમુ અને વિભા' અને "પાદરનાં તીરથ' નવલકથા આપી છે.માનવચિત્તના સંકુલ ભાવો સામાજિક સ્તરે મૂકવાનો પ્રયાસ કર્યો છે. રાષ્ટ્ર પ્રત્યે મમતરાખનાર મનનો આંતરિક સથર્ષ રજૂ થયો છે.

ઝવેરચંદ મેઘાણીએ સોરાષ્ટ્ર વતનનેકેન્દ્રસ્થાને રાખી સમાજજીવનને સ્પર્શતા પ્રશ્નો, ભાવનાઓ, પાત્રોની મથામણનવલકથામાં આલેખી તળપદા પ્રદેશની નવી આબોહવા સર્જી આપી છે. ઇતિહાસનિષ્ઠા જાળવીને નવલકથા સર્જનાર ઝવેચંદ મેઘાણીની નવલકથાઓમાં લોકજીવન સાથેનો તેમનો ઘનિષ્ટ સંપર્ક સ્પષ્ટ પડઘાય છે. 'રા'ગંગા જળિયાં','ગુજરાતનો જય, ખંડ-૧-૨' અને 'સમરાંગણ' જેવી ઐતિહાસિક નવલકથાઓ રચનાર આ સર્જક પાસેથી 'વસુંધરાના વહાલાં-દવલાં','સોરઠ, તારાં વહેતા પાણી','નિરંજન','વેવિશાળ','તુલસીક્યારો' અને 'પ્રભુ પધાર્યા' જેવી પ્રાદેશિક અને સામાજિક નવલકથાઓ પણ પ્રાપ્ત થાય છે. તેમની નવલકથાઓ સંદર્ભે ધીરુભાઇ ઠાકર નોંધે છે,"તળ સૌરાષ્ટ્રના વાતાવરણમાં, જૂની પરંપરામાં ઊછરેલ પેઢીની ખાનદાની અને તેનો નવીન કેળવણી પામેલી પેઢી સાથેનો સંઘર્ષ બતાવીને લોકભોગ્ય શૈલીમાં તેઓ વાર્તાનો રસ જમાવે છે અને માનવહૃદયના કોમળ અને પરિચિત ભાવોને નાજુકાઈથી આલેખી બતાવે છે.તેમની વાણીમાં સાચા સોરઠીની મીઠાશ,કુમાશઅને બલિષ્ઠતા પ્રતીત થાય છે. સમકાલીન જીવનના સંઘર્ષને સામાજિક દૃષ્ટિએ નિરૂપીને તેઓ પ્રવર્તમાન યુગનું વાસ્તવિક પ્રતિબિંબ ઝીલી બતાવે છે."..૪

ગુજરાતી નવલકથા સાહિત્યમાં ઝવેચંદ મેઘાણીકૃત 'સોરઠ તારા વહેતા પાણી'થી આરંભાયેલી જાનદી નવલકથા પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર અને પીતાંબર પટેલ-આ પાટીદાર ત્રિપુટીના સર્જનથી વિશેષ સમૃદ્ધ બની છે. આ ત્રણેય સર્જકોએ પોતપોતાના પ્રદેશના ગ્રામીણ વિશ્વને નવલકથામાં મૂકી સમાજના પ્રાકૃતિક, સામાજિક અને સાંસ્કૃતિક રિવેશને સાકાર કર્યો છે. પ્રાદેશિક નવલકથાકાર તરીકે પ્રસિદ્ધિ દાખવનાર પક્આલાલ પટેલે છપ્પન જેટલનવલકથા આપી છે. "માનવીની ભવાઈ', "ભાગ્યાના ભેરુ, "ઘમ્મરવલોણું" નવલત્રયીમાંછપ્પનિયા દુકાળની ઘટના તથા માનવ-સવેદના અને સુખદુઃખની લીલા વ્યક્ત કરતીનવલકથાઓ છે. "વળામણા" ઝમકુનું પાત્ર કેન્દ્રસ્થાને રાખી નારીની વ્યથા અને લાલચુમુખીનું હૃદય-પધરિવર્તન નોંધપાત્ર બને છે. "મળેલા જીવ' ગામડાના બે ભિક્ન જ્ઞાતિનાયુવાન પ્રેમીની કથા છે. "ના છૂટકે', "ફકીરો' તથા "નથી પરણ્યા, નથી કુંવારા' વગેરેનોંધપાત્ર સામાજિક નવલકથાઓ છે. "પાર્થને કહો ચડાવે બાણ' પૌરાણિક નવલકથાએકથી આઠ ભાગમા આલેખી છે.

ઈશ્વર પેટલીકરે "જનમર્ટીપ', "ધરતીનો અવતાર", "કળિયુગ", "મારી હૈયાસગડી"૨ - ભાગ : ૧-૨, "ભવસાગર, "તરણા ઓથે ડુંગર', "યુગનાં એંધાણ', "લાક્ષાગૃહ' વગેરે નવલકથા આપી છે. "જનમટીપ'માં સામાજિક ચોકઠામાં ચંદા-ભીમાની પ્રણયકથા રૂપેઆલેખન તથા બીજી રીતે કહીએ તો નારીપ્રધાન ચંદાની ખુમારી નોંધપાત્ર છે.'ભવસાગર'માં નારીની કરુણ પરિસ્થિતિ કથા રૂપે મૂકી આપી છે.ધીરેન્દ્ર મહેતા પેટલીકરના સર્જન સંદર્ભે નોંધે છે, 'ઈશ્વર પેટલીકર એ પરંપરાના નવલકથા લેખક છે. સમય સંદર્ભમાં એમની નવલકથાઓમાં પ્રશ્નોનું સ્વરૂપ બદલાતું ગયું છે તેમ વલણમાં પણ સાહસિકતા આવી છે. માણસની અસલિયતમાં અને તળપદી જીવનદૃષ્ટિ માં પેટલીકરની શ્રદ્ધા મેઘાણીની યાદ અપાવે એવી છે. સુધારક વલણ દાખવીને પણ તેઓ પ્રશ્નની દરેક બાજુને ઝીણવટથી તપાસે છે ત્યારે અંગતોગત્વા એમનું દૃષ્ટિ બિંદુ ભાવનાશાળી હોય છે.'..૫

આ ત્રણેય સર્જકોની સર્જનયાત્રા સંદર્ભે ડૉ.ભરતકુમાર ઠાકર નોંધે છે,'પન્નાલાલ, પેટલીકર અને પીતાંબર એ ત્રણે પટેલ લેખકો ગામડામાંથી આવે છે અને ત્રણે એ ગ્રામજીવનના અપરોક્ષ અનુભવના નિચોડરૂપ વિવિધ નવલો અને ટૂંકી વાર્તાઓની રચના કરી છે. ત્રણેની કૃતિઓ ઘણુંખરું ગુજરાતનાં ગ્રામવાસી માનવોનાં હૈયાને પોતપોતાની રીતે ખુલ્લાં કરી બતાવે છે. આ ત્રણે લેખકો ગામડાનાં લોકોનાં રહેણીકરણી, રીતિનીતિ,વટ-

વહેવાર,ઈર્ષ્યા-દ્વેષ,આનંદ-પ્રમોદ ઇત્યાદિનું નકશીદાર ચિત્ર ઊપસાવી શકે છે. અને ગ્રામબોલી દ્વારા ધારી અસર ઉપજાવે છે. ત્રણેની નવલોમાં પાટીદાર, શાહુકાર અને વિવિધ વસવાયા કોમોના લોકોનો સ્વભાવ, મિજાજ, રિવાજ અને વૃત્તિવર્તનનું અચ્છું નિરૂપણ જોવા મળે છે. પન્નાલાલ સાબરકાંઠા, એટલે કે ઇડરના પ્રદેશનું વાતાવરણ ચીતરે છે, પેટલીકર મહીકાંઠા - ચરોતરના સમાજને વાર્તામાં ઉતારે છે અને પીતાંબર પટેલ ઉત્તર ગુજરાતના પ્રદેશને ઘણુંખરું વાર્તામાં સજીવ કરે છે. આમ, આ ત્રણ લેખકોએ ગુજરાતના ત્રણ ભિન્ન પ્રદેશોના ગ્રામજીવનનું નિરૂપણ કર્યુ છે.'...૬

મનુભાઇ પંચોળી "દર્શક ગાંધીયુગના પડઘા તેમના સાહિત્ય નિરૂપણમાં જોવામળે છે. છતા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આગવી પરંપરા દાખવનાર સર્જક છે. ગાંધીજીએ સ્થાપેલા આદર્શો અને જીવનમૂલ્યોનો પ્રભાવ મનુભાઇ પંચોળી 'દર્શક' ઉપર વિશેષપણે નજરાય છે. ઇતિહાસ અને રાજનીતિશાસ્ત્રના ઊંડા અભ્યાસી આ નવલકથાકારાનું જીવનલક્ષ્ય લોકકલ્યાણ જ રહ્યું છે. જેનું પ્રતિબિંબ તેમના સાહિત્યમાં પણ સ્પષ્ટ અંકિત થયું છે. દેશની આઝાદી અર્થે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવનાર આ સર્જકે જેલમુક્તિ બાદ પ્રથમ નવલકથા 'બંદીઘર' રચી અને પછી 'પ્રેમ અને પૂજા','બંધન અને મુક્તિ','કલ્યાણયાત્રા','દીપનિર્વાણ','ઝેર તો પીધાં છે જાણી જાણી','સૉક્રેટિસ'અને 'કુરુક્ષેત્ર'એમ અનેક કથાઓ સર્જી છે. મનુભાઇ પંચોળીના ચિત્તમાં રહેલી આદર્શગ્રામ સમાજની આકૃતિને તેમણે નવલકથાના માધ્યમથી વ્યક્ત કરી છે. ગણરાજ્યની સફળતા અને નિષ્ફળતા તથા સ્વરાજયુક્ત સ્વતંત્ર ભારતના કલ્યાણ માટે ભાવિ પ્રજાતંત્રની છબી 'દીપનિર્વાણ' નવલકથામાં કથાકારે દોરી આપી છે. દર્શકની સૌથી વધુ લોકપ્રિય નીવડેલી નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી' માં પણ ગોપાળબાપાની વાડીના સર્જનથી કથાકારે સમતામૂલક સમાજનો આદર્શ દર્શાવ્યો છે. જે અંગે બાબુ દાવલપુરા નોંધે છે,' "ગુરુમંત્ર ગાંઠે બાંધીને ગોપાળ બાપાએ આંધળા-લૂલાંની સેવા કાજે આશ્રમ ઊભો કર્યો; ધરતીની ધૂળ માથે ચડાવીને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની કૃપાદૃષ્ટિ થી વાજબી ભાવે મળેલી શિંગોડાની કોતરોની હજારેક એકર જમીન પર ફળાઉ વૃક્ષો અને ફૂલછોડથી લહેરાતી ગોકુળગામ જેવી વાડી વગર યમુનાએ વિકસાવી; અને આસપાસના વિસ્તારના ખેડૂલોક તથા સીતાપુરના ગ્રામજનોની બેરોજગારીની સમસ્યા પણ અનન્ય પુરુષાર્થ અને માનવસેવાની લગનથી કુનેહપૂર્વક ઉકેલીને એમણે સૌ અંતેવાસીઓનાં હૃદય જીતી લીધાં."..૭

શિવકુમાર જોષીએ "કંચુકીબંધ', "અનંગરાગ', "આભ રુએ એની નવલખ ધારે','સોનલ હl', "કલહંસી', લગભગ પચ્ચીસ જેટલી નવલકથાઓ લખી છે.વિષયવસ્તુમાં નાવીન્ય તથા માવજતવાળી ટૅક્નિકના પરિણામે પરંપરાગતસમાજમૂલ્યોને અવગણી ચોક્કસ અભિગમ નવલકથામાં ચરિતાર્થ થયેલો જોવા મળે છે.

ચુનીલાલ મડિયાએ "કુમકુમ અને આશકા' એતિહાસિક નવલકથા આપી છે. કટાક્ષયુક્ત "સધરા જેસંગનો સાળો", "લીલુડી ધરતી', "વ્યાજનો વારસ', "વેળા વેળાની છાયડી' વગેરે વિષયવસ્તુને લીધે નોંધપાત્ર નવલકથાઓ છે. ઘટનાપ્રધાન નવલકથા તરીકે "યાજનો વારસ' આગવી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરે છે. તેમના આ સર્જન સંદર્ભે નલિન રાવળ નોંધે છે,'"કથાના અસંખ્ય ત્રાગડાઓને ગૂંથવાનો પ્રયત્ન કરતી અને તે દ્વારા ગ્રામજીવનના વિવિધ રેખાચિત્રો આપી વિલાઇ ગયેલા ગ્રામજીવનના કાલખંડનું હૂબહૂ આલેખન એ ધરતીના જ પેટાળમાંથી ઊગેલી કસવાળી ભાષા દ્વારા કરવાની એક વિશિષ્ટ કલ્પનાશક્તિનો પરિચય અહીં મડિયા આપે છે જે સ્વયં લેખનકલાની એક સિદ્ધિ છે."૮

સંદર્ભો

૧. ગુજરાતનાં સાહિત્યકાર રત્નો, પૃ.૧૧
૨. ગ્રામજીવનની સાઠોત્તરી ગુજરાતી નવલકથા, પૃ.૧૨

૩. નવલકથા : શિલ્પ અને સર્જન, પૃ. ૩
૪. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-૪, પૃ.૧૩૧
૫. ગુજરાતી નવલકથા: કેટલાંક પુનર્મૂલ્યાંકનો.પૃ.૯૭
૬. શાશ્વત, પૃ. ૯૮
૭. કથાપર્વ-૨, પૃ.૧૦૨
૮. મડિયાનું મનોરાજ્ય, પૃ.૨૨